# <u>ધી યુનિયન કો-ઓપરેટીવ બેંક લિ.</u>

_______________શાખા

## <u>લોકર અંગેના નિયમો નીચે મુજબ છે.</u>

૧. લોકરધારકે ફોટો/આઇડી પ્રૂફ તેમજ રહેઠાણના પુરાવા એપ્લિકેશન ફોર્મ સાથે રજૂ કરવાના રહેશે.

૨. લોકરધારકે લોકર એગ્રીમેન્ટ (ભાડા કરાર) માં જણાવેલ તમામ શરતો / નિયમોનો અમલ કરવાનો રહેશે.

૩. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની ગાઈડલાઇન મુજબ કોઇપણ લોકર ૧ વર્ષથી વધુ સમય દરમ્યાન ઓપરેટ કરવામાં આવેલ ન હોય તો, બેંકને સદર લોકરનું એલોટમેન્ટ રદ કરવાની અને સદર લોકર ઓપરેટ ન કરવા દેવાની સત્તા રહેશે. (લોકરનું ભાડુ ચુકવેલ હોવા છતાં)

૪. લોકરધારકે નોમિનેશન ફરજીયાત કરાવવાનું રહેશે.

૫. લોકરધારકે સેવિંગ્સ (બચત) ખાતું ખોલાવવાનું રહેશે. તેમજ સદર બેંક નક્કી કરે તે મુજબ સેવિંગ્સ ખાતામાં બેલેન્સ રાખવાનું રહેશે.

૬. લોકરધારકે એક વર્ષનું એડવાન્સ લોકર ભાડુ (GST સાથે) ચુકવવાનું રહેશે. તેમજ દર વર્ષે લોકર ભાડુ ચૂકવવાનું રહેશે, જે મારા / અમારા ______________________________ નંબરના સેવિંગ્સ ખાતામાંથી બેંક વસુલ કરશે જે મને મંજૂર છે.

૭. લોકરધારક જો લોકર ભાડુ ન ચૂકવે તો તેમને લોકર ઓપેરેટ કરવા દેવામાં આવશે નહીં.

૮. નિયમીત રીતે લોકર ભાડુ ચૂકવવામાં નહી આવે તો બેંક ત્રણ વર્ષનું એડવાન્સ લોકર ભાડુ તથા લોકર તોડીને ખોલવા માટેના ચાર્જ જેટલી રકમ ટર્મ ડીપોઝીટ તરીકે લઇ શકશે.

૯. લોકર દિવસમાં એક થી વધુ વખત ખોલવા અંગે બેંક નક્કી કરે તે મુજબ ચાર્જ લઇ શકશે.

૧૦. બેંકે નક્કી કરેલ નિયમ મુજબ લોકર બંધ કરવા, લોકરમાં નામ દાખલ કરવા, નામ કમી કરવા, લોકર ટ્રાન્સફર કરવા તેમજ લોકર બ્રેક-ઓપન કરવાનો ચાર્જ લોકરધારકે ચૂકવવાનો રહેશે (GST સાથે).

૧૧. લોકરધારક દ્વારા લોકર પરત કરવામાં આવે ત્યારે જે દિવસે લોકર બંધ કરાવે તે દિવસ સુધીનું ભાડુ બેંક વસૂલ કરી બાકી રહેતી ભાડાની રકમ લોકરધારકને પરત કરશે.

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના વખતો-વખતના આદેશ તેમજ બોર્ડ ઓફ ડિરેક્ટર્સ જે ફેરફાર કરે તે મુજબનો અમલ કરવાનો રહેશે.

ઉપર મુજબના નિયમો મે/અમોએ વાંચ્યા છે. જે મને / અમોને મંજૂર છે.

લોકરધારક ની સહી : ૧. ______________________________

૨. ______________________________

૩. ______________________________